# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડિયા
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત)
ફોન નં. : ૦૨૮૫-૨૬૮૧૪૦૦ ફેકસ નં. : ૦૨૮૫-૨૬૮૧૫૦૮
વેબસાઈટ : http://www.bknmu.edu.in ઈ–મેઈલ : info@bknmu.edu.in


વિષય : રાહત નિધિ સહાય એકત્ર કરવા બાબત

પરિપત્ર :-

આથી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજયના ૨૩-૨૪ જુલાઇ, ૨૦૧૭ના રોજ બનાસકાંઠા, પાટણ અને બીજા જીલ્લાઓમાં થયેલ ભારે વરસાદથી ઉત્પન્ન થયેલ પરિસ્થિતિ અને તે અન્વયે આપવામાં આવી રહેલ મુખયમંત્રી રાહત ફંડમાં યોગદાન આપવા માનનીય કુલપતિશ્રીના આજ્ઞાનુસાર ગુજરાત સરકારશ્રીના 'મુખ્યમંત્રી રાહત નિધિ'માં આપની કોલેજના ટ્રસ્ટીશ્રીઓ, કોલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી વધુને વધુ સહાય મળે તે રીતનું આયોજન કરવાનું રહેશે. જેથી કરી આપણા વતી જરૂરિયાતમંદ લોકોને સહાય મળી શકે. સહાય માટેનું ભંડોળ એકત્રિત થયા પછી "રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"ના નામનો ડીમાન્ડ ડ્રાફટ અત્રેની યુનિવર્સિટી ખાતે તા.૧૦/૦૮/૨૦૧૭ સુધીમાં મોકલવાનો રહેશે. આ રકમનું એકત્રીકરણ કરી યોગદાન આપનાર કોલેજના નામ અને રકમનો ઉલ્લેખ કરી 'મુખ્યમંત્રી રાહત ફંડ'માં જમા કરાવવામાં આવશે.

જૂનાગઢ સિટીની તમામ કોલેજોએ તા.૦૪/૦૮/૨૦૧૭ અને તા.૦૫/૦૮/૨૦૧૭ના રોજ અત્રેની યુનિવર્સિટી ભવનોના વિદ્યાર્થીઓ દ્વારા પૂરગ્રસ્ત લોકોની સહાય માટે ભંડોળ એકત્રિત કરવા માટે આપની કોલેજોમાં આવવાના હોય, આપની કોલેજના ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને જાણ કરી વધુને વધુ સહાય મળી રહે તે અંગેનું આયોજન કરવાનું જણાવવામાં આવે છે.

for, ઇ.ચા. રજીસ્ટ્રાર

ક્રમાંક/બીકેએનએમયુ/શાશિ/૧૫/૨૦૧૭
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
તા.૦૩/૦૮/૨૦૧૭

પ્રતિ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી. સેન્ટરના વડાઓ તરફ...

નકલ સાદર રવાના :
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
(૧) આઇ.ટી. સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.